dakshinayan
UNIVERSITY NEWS LETTER દક્ષિણાયન
VNSGU | VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
This newsletter is also available on the University Library at website www.vnsgulibrary.org
April 2015 For private circulation only Vol. 07 - Issue 151

સંઘરવા જેવી વસ્તુ જ્યારે હાથમાં આવે ત્યારે તેનો ઉપયોગ જાણવો, તેનો સાચો પરિચય પામવો, જીવનની સાથે સાથે જીવનનું આશ્રયસ્થાન બાંધવું એ જ સાચું શિક્ષણ છે.

રવીન્દ્રનાથ ટાગોર

# દીપે અરુણું પરભાત

પ્રિય વાચકમિત્રો,

આપણા દેશમાં યુનિવર્સિટીની સંખ્યા લગભગ ૨૨૫ થી વધુ અને યુનિવર્સિટી સંલગ્ન કોલેજની સંખ્યા હજારોમાં છે. આમ છતાં ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે પ્રતિ વર્ષ લગભગ બે લાખ વિદ્યાર્થીઓ વિદેશની યુનિવર્સિટીમાં જાય છે તેવું એક સર્વેએ જણાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય બેંક (એચ.એસ.બી.સી.)ના સર્વેક્ષણ "ધ વેલ્યુ ઓફ એજ્યુકેશન સ્પ્રીંગબોર્ડ ફોર સકસેસ" માંથી આ માહિતી પ્રાપ્ત થઈ છે. આ સર્વે મુજબ યુ.જી. એટલે કે અંડરગ્રેજ્યુએટ કોર્સ માટે વિદેશથી અભ્યાસાર્થે આવતા વિદ્યાર્થીઓની અભ્યાસ ફી અને તેમના રહેવા જમવાનો વાર્ષિક ખર્ચ ૫૬૪૩ ડોલર લગભગ થાય છે જેમાંથી ફી પેટે માત્ર ૫૮૧ ડોલર જ ચૂકવાય છે. આ સરખામણીએ ઓસ્ટ્રેલિયામાં આ ખર્ચ ૪૨૦૯૩ ડોલર, સિંગાપુરમાં ૩૯૨૨૯ ડોલર, અમેરિકામાં ૩૬૫૬૫ ડોલર અને બ્રિટનમાં ૩૫૦૪૫ ડોલર વાર્ષિક ખર્ચ થાય છે. આનો અર્થ એ થયો કે ભારતમાં શિક્ષણ સૌથી સોંઘુ છે તેમ છતાં આશરે ૬૦ ટકાથી વધુ લોકો પોતાના સંતાનોને વિદેશમાં અભ્યાસાર્થે મોકલવાનો આગ્રહ રાખે છે. સૌ માટે આ સ્થિતિ ચિંતાજનક છે. આગ્રહ લગભગ જીદની હદ સુધી પહોંચી જાય છે તે એટલે સુધી કે માબાપ પોતાના સંતાનોને વિદેશી યુનિવર્સિટીમાં ઉચ્ચ અભ્યાસ કરાવવા માટે પોતાના ઘર-જમીન-દુકાન સુધ્ધા વેચી મારે છે. આ તે કેવી શ્રધ્ધા!? એકલું અમેરિકા ઉચ્ચશિક્ષણના માધ્યમથી વર્ષદહાડે ૨૫-૩૦ અરબ ડોલરની કમાઈ કરે છે. અલબત્ત ગ્લોબલ ઈકોનોમીના સમયમાંથી આપણે પસાર થઈ રહયા છીએ ત્યારે ઉચ્ચશિક્ષણના વિષયમાં આંખે પાટા બાંધીને હાથ જોડીને બેસી રહેવું એ પણ નરી મૂર્ખતા છે. ખાસ કરીને મેડિકલ, આઈ.ટી., એન્જીનીયરીંગના ક્ષેત્રમાં આપણી સામે જે ગ્લોબલ સમસ્યાઓનો મહારાક્ષસ આવીને ઉભો રહયો છે ત્યારે કુંડાળુ કરીને બેસી રહીએ તેય જોખમી છે. પરંતુ આપણું તે ઓછું, નીચું કે નકામું અને પારકું તે શ્રેષ્ઠ એવો મત પણ બરાબર નથી. ઉચ્ચશિક્ષણ પ્રત્યે સમાજમાં ખૂબ જ જાગૃતિ આવી છે.

શિક્ષણપ્રણાલીમાં આમૂલ પરિવર્તન લાવવાના વિષયમાં લગભગ ૪૦ વર્ષ અગાઉ પ્રકાશિત થયેલ શ્રીલાલ શુકલની 'રાગ દરબારી' કૃતિમાં પ્રગટ થયેલ એક વિચાર "શિક્ષા પ્રણાલી સડક પર બૈઠી બીમાર કુતિયા કી તરહ હૈ જીસે હર આતાજાતા લાત મારતા હૈ પરંતુ કોઈ સુધાર કા પ્રયાસ નહીં કરતા" જેવી સ્થિતિ છે. ભાંડતા રહેવાની બૂરી આદત બદલવી જોઈશે. શું જરૂરી છે અને શું કરી શકાય તેમ છે તે વિશે વિચારવાની જરૂર છે. ઈચ્છિત કે અપેક્ષિત પરિણામ લાવવા માટે વિશાળ દ્રષ્ટિવાળો અભિગમ રાખી ઉત્તરોત્તર સુધારાવધારા કરી શિક્ષણના અને શિક્ષણ દ્વારા સમાજના વિકાસ માટે કૃતનિશ્ચય કરવો પડશે. એ માટે વિરોધીના મતને પણ જો એ સાચો હોય તો સ્વીકારવાની સમજ કેળવવી પડશે. સાથે મળીને આપણી શિક્ષણ સંસ્થાઓમાં એક વાતાવરણ સર્જીએ અને જ્ઞાનનું સંવર્ધન કરીએ. કર્તવ્યની ભાવના આપણા હ્રદયમાં સ્થાપીએ. સ્થપાયેલી હોય તો એને વધારે દ્રઢ કરીએ. આંખ -કાન-ખૂલ્લા રાખીને અને મન હૃદય વિશાળ રાખીને જીવીએ. નવું નવું શીખવાની ધગશ કેળવીએ. આપણી કાર્યક્ષતા વધારતા રહીએ. પ્રતિક્ષણ દુનિયાના ખૂણે ખૂણે જ્ઞાનવર્ધન ખૂબ ઝડપથી થઈ રહયું છે. સતત અપડેટ અપટુ-મોમેન્ટ થતા રહીએ. આપણાં ટકી રહેવા માટે અને શિક્ષણને ટકાવી રાખવા માટે એ આવશ્યક છે. જ્ઞાનનો ફકત હાથ બદલો કરવાનો રહેવા દઈ એક શિક્ષક તરીકે આપણે નવા નવા પ્રદેશોમાં પ્રવેશી જ્ઞાનનું સર્જન કરી નવી પેઢી સુધી એને પહોંચાડીએ. કપડાં આપણે દર વર્ષે બદલતા હોઈએ છીએ, મોબાઈલ તો દર છ મહિને બદલી નાખીએ છીએ તો પછી વર્ષો જૂની પીળી પડી ગયેલી નોટ દર વર્ષે વર્ગમાં શા માટે લઈ જઈએ? એકની એક રેકર્ડ વગાડયા કરવાથી સામે છેડે કેવળ કંટાળો આપવા સિવાય બીજું કશું આપતા નથી. નિત્ય-નૂતન આપણે રહીએ અને આપણી સામે બેઠેલા વિદ્યાર્થીઓને નૂતનતાના પિયૂષ પીવડાવીએ. જમાનો બદલાતા પહેલાં આપણે આપણી જાતને બદલીએ. અને વિદ્યાર્થીઓને પણ એ તરફ વાળીએ. બિનજરૂરી વાતોને જમીનદોસ્ત કરીએ અને જરૂરી વિચારોને વાવીએ. આ બધું આપણે કોઈના કારણે કે કોઈના માટે નહિ પણ આપણા ભલા માટે આપણાં સંતોષ માટે કરીએ.

તા. ૩૧ માર્ચ, ૨૦૧૫


ડૉ. દક્ષેશ ઠાકર
કુલપતિ


# યુનિવર્સિટી ન્યૂઝ

## Workshop

યુનિવર્સિટી કાનૂન વિભાગ હેઠળ તારીખ ૭ માર્ચ, ૨૦૧૫ના રોજ Research Methodology Workshop નું આયોજન કરવામાં આવેલ હતું. આ Workshop માં (૧) ડૉ. જે.ટી. દેસાઈ, અધ્યક્ષ, કાનૂન વિદ્યાશાખા, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, (૨) ડૉ. વિક્રમ બી. દેસાઈ, આચાર્ય, સિધ્ધાર્થ લો કોલેજ, સુરત, (૩) ડો. કિરણ એમ. પંડયા, અધ્યક્ષ, એમ.એચ.આર.ડી. વિભાગ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત અને (૫) ડૉ. જાગૃતિ કે. પટેલ, આચાર્ય, વી.ટી. ચોકસી લો કોલેજ, સુરત Resource Person તરીકે ઉપસ્થિત રહી તેમનાં વકતવ્યો રજૂ કર્યા હતા. આ Workshop નો લાભ કાનૂન વિદ્યાશાખાનાં Ph. D. Research Scholar અને એલ.એલ.એમ. ના વિદ્યાર્થીઓએ લીધો હતો.

## સેમિનાર







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી તથા સરદાર પટેલ ઈન્સ્ટીટયુટ ઓફ પબ્લિક એડમિનીસ્ટ્રેશન (સ્પીપા)ની સુરત પ્રાદેશિક કચેરીના સંયુકત ઉપક્રમે 'માહિતી અધિકાર અધિનિયમ ૨૦૦૫ (RTI Act) અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરવા તા. ૧૯/૩/૨૦૧૫ ના રોજ સવારે ૧૦.૦૦ કલાકથી બપોરે ૨.૦૦ કલાક દરમ્યાન સેમિનાર હોલ, કમ્પ્યુટર સાયન્સના અનુસ્નાતક વિભાગ ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ હતું.

સદર સેમિનારનું ઉદ્‌ઘાટન કુલસચિવ ડો. જે.આર. મહેતાના વરદ્ હસ્તે સ્પીપાના તજજ્ઞ શ્રી રોહિત ચૌધરી, મદદનીશ કુલસચિવ શ્રી એચ.ડી. વાઘેલા, મદદનીશ કુલસચિવ ડૉ.પી.સી. બચારવાલા તથા RTI Cell ના કો-ઓર્ડિનેટર શ્રી દેવેન્દ્રનાથ કે. પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવેલ હતું. કુલસચિવ, ડૉ. જે.આર. મહેતા દ્વારા વિદ્યાર્થીઓને તેઓની પ્રોફેશનલ કારકિર્દી દરમ્યાન જીવનમાં RTI અંગેનો મહત્તમ સકારાત્મક ઉપયોગ કરવા જણાવવામાં આવેલ હતું. શ્રી રોહિત ચૌધરી દ્વારા RTI વિદ્યાર્થીઓને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.


યુનિવર્સિટીના વિવિધ વિભાગોના ૨૫૦ થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આ સેમિનાર દરમ્યાન સ્પીપા કચેરી દ્વારા વિદ્યાર્થીઓને RTI અંગેનું સાહિત્ય વિનામૂલ્યે પૂરૂં પાડવામાં આવ્યું હતું.



## સમારંભ



ગ્રંથાલયના ઓફિસર ઓન સ્પેશ્યલ ડયૂટિ અને અંગ્રેજી વિભાગના પ્રોફેસર એન્ડ ડૉ. રાકેશ દેસાઈના અધ્યક્ષપદે તથા નાયબ કુલસચિવશ્રી ડો. આર.સી. ગઢવીના મુખ્ય મહેમાનપદે યુનિવર્સિટીના ગ્રંથાલય અને માહિતીવિજ્ઞાન વિભાગના વિદ્યાર્થીઓના સંગઠન "લીસા" અંતર્ગત ગ્રંથાલયશાસ્ત્રના એમ.ફિલ. અને પીએચ. ડી. ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ તા. ૨૮/૩/૧૫ના રોજ યુનિવર્સિટી ગ્રંથાલયમાં યોજાઈ ગયો. આ પ્રસંગે આશિર્વચન આપતાં ડૉ. રાકેશ દેસાઈએ ગ્રંથપાલની ભૂમિકાની સ્પષ્ટતા કરી હતી. અને એક સહૃદયી ગ્રંથપાલ બનો તેવી શુભેચ્છાઓ પાઠવી હતી. ડૉ. આર.સી. ગઢવીએ સંશોધનયાત્રા સફળ બને તે માટે આશિર્વચન આપ્યા હતા. ડૉ. બી.જે. અંકુયાએ સુંદર કાર્યક્રમ બદલ વિદ્યાર્થીઓનો આભાર માનીને અભિનંદન પાઠવ્યા હતા. આ પ્રસંગે પી.એચ.ડી. ના વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં લેખોનું "સંશોધન પરિચય"ગ્રંથનું ડૉ. રાકેશ દેસાઈ તથા ડૉ.આર.સી. ગઢવી દ્વારા વિમોચન કરવામાં આવ્યું હતું. તદપરાંત એમ.ફિલ. અને પીએચ.ડી.ની પરીક્ષામાં એક થી ત્રણ ક્રમ મેળવેલ વિદ્યાર્થીઓનું ઉપસ્થિત મહાનુભાવો દ્વારા પુસ્તક એનાયત કરીને શુભેચ્છા પાઠવવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન અને આયોજન 'લીસા'ના પૂર્વ પ્રમુખ શ્રી શૈલેષભાઈ સી. પટેલ તથા જનરલ સેક્રેટરી શ્રી પારૂલ આર. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.



## હિન્દી વિભાગ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત દ્વારા યુનિવર્સિટી ખાતે હિન્દી વિભાગ શરૂ કરવા માટે યુ.જી.સી., ન્યુ દિલ્હીને દરખાસ્ત મોકલવામાં આવી હતી. જે સંદર્ભે યુ.જી.સી., ન્યુ દિલ્હી દ્વારા દરખાસ્તનો સ્વીકાર કરી યુનિવર્સિટી ખાતે હિન્દી વિભાગ શરૂ કરવા માટે નીચે મુજબ મંજૂરી આપવામાં આવી છે.

| અ.નં. | વિગત | પોસ્ટ | રકમ ₹ |
|---|---|---|---|
| ૧ | પ્રોફેસર | ૧ | પગારધોરણ યુજીસીના |
| ૨ | એસોસીએટ પ્રોફેસર | ૨ | પ્રવર્તમાન નિયમાનુસાર |
| ૩ | આસીસ્ટંન્ટ પ્રોફેસર | ૪ | |
| | મૂડી ખર્ચ | | |
| ૪ | ભવન નિર્માણ | | ₹ ૧,૦૦,૦૦,૦૦૦/- |
| ૫ | સાધન સામગ્રી | | ₹ ૬,૦૦,૦૦૦/- |
| | મહેસૂલી ખર્ચ પ્રતિ વર્ષ | | |
| ૬ | પુસ્તકો, જર્નલ્સ | | ₹ ૫૦,૦૦૦/- |
| ૭ | ગોષ્ઠી, સમ્મેલન, કાર્યશાલા | | ₹ ૧,૦૦,૦૦૦/- |
| ૮ | આકસ્મિક ખર્ચા | | ₹ ૫૦,૦૦૦/- |
| | કુલ | ૭ | ₹ ૧,૦૮,૦૦,૦૦૦/- |

# કોલેજ ન્યૂઝ

## ઉજવણી

વિવેકાનંદ કોલેજ ફોર બી.એડ્., સુરતમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિતે વ્યાખ્યાન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અધ્યક્ષ સ્થાને તથા વકતા તરીકે શ્રીમતી એલ.પી.સવાણી વિદ્યાભવન (અંગ્રેજી માધ્યમ)ના પ્રિ.સંજયભાઈ મહેતા તથા અન્ય મહેમાન તરીકે ઈન્ડિયન ઓવરસીઝ બેંકના બ્રાન્ચ મેનેજર શ્રી દિનેશભાઈ પુરોહિત તેમજ સંસ્થાના ટ્રસ્ટી શ્રીમતી નિમાબેન જોશી ઉપસ્થિત રહયા હતા. શ્રી સંજયભાઈ મહેતાએ "વર્તમાન સમયમાં શિક્ષકની ભૂમિકા" વિષય અંતર્ગત તાલીમાર્થીઓને સાંપ્રત સમયમાં બદલાતી શિક્ષણ વ્યવસ્થામાં શિક્ષકની સજ્જતા અંગે પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા માર્ગદર્શન આપ્યું હતું તથા આ સાથે ઈન્ટર કોલજ બી.બી.એ., બી.કોમ. તથા બી.સી.એ. કોલેજ અંતર્ગત "સ્પાર્ક" કાર્યક્રમનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. જેમાં સુરતની વિવિધ કોલેજોમાંથી વિદ્યાર્થીઓએ પોસ્ટર મેકિંગ, બ્રેઈન ટ્રેઝર, સ્ટ્રેન્થ ઓફ ફેઈટ, નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ક્રેક ધ કોડ, માર્કેટ ટ્રીકસ જેવી સ્પર્ધામાં ઉત્સાહભેર ભાગ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

દેશનો ૬૬મો ગણતંત્ર દિવસ બીલીમોરા કોલેજ કેમ્પસમના સંયુકત મેદાન ઉપર મંડળના ટ્રસ્ટીઓ આમંત્રિત મહેમાનો અધ્યાપકો, શિક્ષક મિત્રો અને તમામ વિદ્યાર્થીઓની ઉપસ્થિતિમાં ઉજવાયો હતો. ધ્વજ પ્રમુખ તરીકે શ્રીમતિ સાવિત્રીબેન વશીએ પોતાને મળેલ આ ઉત્તમ તક બદલ આભાર વ્યકત કરી મંડળના આંરભની અને હાલની પરિસ્થિતિ અંગે સુચક અને પ્રેરક વિચારો વ્યકત કર્યા. ત્યારબાદ સંકુલની નોંધપાત્ર યોગદાન આપનાર પચ્ચીસ જેટલાં વિદ્યાર્થી-અધ્યાપકોનું અભિવાદન મેડલ અર્પણ કરીને કરવામાં આવ્યુ હતું ત્યારબાદ તમામ શૈક્ષણિક સંસ્થાઓએ રંગારંગ સંસ્કૃતિક કાર્યક્રમમાં એક એક કૃતિ રજુ કરી બી.એડ્. કોલેજની "પ્રતિજ્ઞાપત્ર" ની કૃતિએ શાળાના તમામ પાઠય પુસ્તકોના આરંભમાં આપેલી અને દરરોજ પ્રાર્થના સંમેલનમાં બોલતી પ્રતિજ્ઞાપત્ર અંગે તમામને પુનઃચિંતન કરવાની ફરજ પાડી હતી. આ અર્થસભર કૃતિનું સર્જન પ્રિ.ડૉ.કિશોરભાઈ નાયકે અને સ્ટેજ વ્યવસ્થાપન પ્રા. ડૉ. શીતલબેન વસાવાએ કર્યુ હતું. સમગ્ર કાર્યક્રમનું સુંદર સભા સંચાલન પ્રિ.ડૉ.કિશોરભાઈ નાયકે સંભાળયું હતું. શ્રીમતિ સાવિત્રીબેન વશીએ આ નિમિત્તે રૂપિયા ૫૦૦૦૦/-ના દાનની જાહેરાત કરી હતી. મંડળ તરફથી સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રત્યેક કૃતિને રૂપિયા ૧૦૦૦/-ના રોકડા પારિતોષિકની જાહેરાત કરવામાં આવી હતી.

ઉધના સિટિઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી.કોલેજ ઓફ બિઝનેસ એડમિનિસ્ટ્રેશન એન્ડ ઉધના એકેદેમી કોલેજ ઓફ કમ્પ્યુટર એપલીકેશન એન્ડ આઈ.ટી. માં તારીખ ૨ તથા ૩ જાન્યુઆરી ૨૦૧૫ના રોજ રમત-ગમત દિનની ઉજવણી નિમિતે વિવિધ રમતોની પ્રતિયોગિતાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૬૦૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં એફ. વાય. બી. કોમ. નાં વર્ગે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો.

બીલીમોરા વિભાગ કેળવણી મંડળ સંચાલિત વિવિધ શૈક્ષણિક સંસ્થાનો સંયુકત ધ્વજવંદન કાર્યક્રમ કોલેજ ગ્રાઉન્ડ પર યોજવામાં આવ્યો. આ કાર્યક્રમાં નવયુગ કોલેજ સુરતના રીટાયર્ડ ગ્રંથપાલ શ્રીમતી સવિત્રીબેન વશીના વરદહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું. ધ્વજવંદન બાદ સંકુલની વિવિધ સંસ્થાઓ દ્વારા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

શ્રી રંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં સ્વામી વિવેકાનંદની જન્મજયંતિમાં ઉજવણી પ્રસંગે લાયબ્રેરી અને પુસ્તકો સાથે અનુબંધિત કરી ઉમળકાભેર ઉજવ્યો હતો. બી.વી.કે. મંડળનાાં સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનશ્રી ભરતભાઈ અમીને દિપપ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મૂકયો હતો. ડૉ. કિશોરભાઈ નાયકે વિવેકાનંદની અદભુત વ્યકિતત્વની માહિતી આપી. પ્રા. ડૉ. મનસુખભાઈ પટેલ અને શ્રીમતિ ભાવિનીબેન પાંચાલનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કરાયેલ વૈવિધ્યસભર પુસ્તકોનાં પ્રદર્શનને સહુએ માણ્યું હતું. બે થી અઢી કલાક સુધી સહુ તાલીમાર્થીઓએ તેમને ગમતાં પુસ્તકોનું વાંચન કર્યું.

શ્રી એસ.આર. પટેલ બી.એડ્. કોલેજમાં તા. ૧૨/૧/૧૫ના રોજ સ્વામી વિવેકાનંદ જયંતિની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ વિવિધ કૃતિઓ રજૂ કરી હતી. જેમા સ્વામી વિવેકાનંદના જીવન દર્શન અંતર્ગત P.P.T. વકતવ્ય, જીવનપ્રસંગો અને તેમના જીવનની મહત્વની ઘટનાઓની તારીખો વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા. આ ઉપરાંત સ્વામી વિવેકાનંદનો વેશપરિધાન કરી પટેલ હિરેનભાઈએ શિકાગો ધર્મપરિષદમાં સ્વામીજીના ભાષણ પર એક પાત્રીય અભિનય પણ કર્યો હતો. કાર્યક્રમનું આયોજન પ્રા. ધુલિયા શીતલબેન અને સંચાલન તાલીમાર્થી ઝવેરી પ્રિયાએ કર્યુ હતું અને આભારવિધિ પ્રા. વણકર અરવિંદભાઈએ કરી હતી. તા. ૧૩/૨/૧૫ ના રોજ ઉતરાયણ પર્વની ઉજવણી પ્રસંગે તાલીમાર્થીઓએ અને સ્ટાફના અધ્યાપકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.




નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં તા. ૨૫/૧/૧૫ના રોજ "રાષ્ટ્રીય મતદાતા દિવસની" પ્રસંગે કેમ્પસમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું. જેમાં આચાર્યશ્રી ડૉ. એ.એસ. પટેલ, અને.એસ.સી. ઓફિસ ડૉ. એમ.જે શાહ હાજર રહયા હતા. તેમણે વિદ્યાર્થીઓને "મતદાતા જાગૃતિ" અંગેની પ્રતિજ્ઞા લેવડાવી તથા તે અંગેની રેલીમાં પણ જોડાયા. આ ઉપરાંત કોલેજમાં કેમ્પસમાં સફાઈ, રંગોળી તથા નિબંધ લેખન સ્પર્ધાઓનુ પણ આયોજન કરાયું.

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીમાં સ્વામી વિવેકાનંદની જન્મજ્યંતિ તથા વાલી-અધ્યાપક મંડળની સભા એમ વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. આચાર્યા ડૉ. કિન્નરીબેન પટેલે સ્વામીજીના જીવન પ્રસંગે વર્ણવતા અંશો એલ.સી.ડી. પ્રોજેકટર દ્વારા બતાવવાનું આયોજન કર્યું હતું. પ્રા. ડૉ. કનુભાઈ સ્વગીયાએ સ્વામી વિવેકાનંદ વિશેનું વકતવ્ય રજૂ કર્યું હતું. કોલેજમાં વાલી-અધ્યાપક મંડળ કાર્યરત છે જેની સભા યોજવામાં આવી હતી. ડૉ. કિન્નરીબેન પટેલે ઉપસ્થિત સૌ વાલીઓની આવકાર્યા હતા ત્યારબાદ પ્રા. ડો. મીનાબેન પરમારે વાલી મંડળના બંધારણ વિશેનો ખ્યાલ આપી સૌ વાલીઓને સક્રિય બનવા જણાવ્યુ હતું. વાલી મંડળના પ્રમુખશ્રી ઉત્તમભાઈ રાવલે પ્રતિભાવ આપતા સૌ વાલીઓ વતી ખાતરી આપી હતી કે તાલીમાર્થીઓના સર્વાંગીણ વિકાસથી માંડીને કોઈપણ જરૂરિયાત હશે તો અમે સૌ સાથે રહી વિશિષ્ટ યોગદાન આપીશું. આભારવિધિ પ્રા. ઉમેશભાઈ પટેલે તથા સંચાલન પ્રા. કૌશિકભાઈ સોલંકીએ કર્યું હતું.

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, મોટાપોંઢામાં જ્ઞાનધારા-ચર્ચાસભા તથા રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મજ્યંતીની ઉજવણી થઈ. આ પ્રસંગે નિબંધ સ્પર્ધા, રેલી તથા વકતવ્યો યોજાયા. પ્રાસંગિક ઉદબોધનમાં ઈન્ચાર્જ આચાર્યશ્રી પ્રા. આર.એલ. પટેલે વિવેકાનંદના વિચારો જણાવ્યા. પ્રા. અલકાબેન પટેલે 'યુવાગીત' રજૂ કર્યું. સ્વામી વિવેકાનંદના જીવંન-કવનને ધ્યાનમાં રાખી કુલ ૧૦ વિદ્યાર્થીઓએ વકતવ્ય રજૂ કર્યુ. જ્ઞાનધારા અધ્યક્ષશ્રી પ્રા. હિતેશભાઈ જે. પટેલ સમાજના વિકાસમાં યુવાઓની ભૂમિકા વિશે વકતવ્ય રજૂ કર્યુ ચર્ચાસભા-જ્ઞાનધારાના અધ્યક્ષશ્રી પ્રા. હિતેશભાઈ પટેલે એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર ડૉ. આશા કે. ગોહિલ, પ્રા. ઉમાબેન દેસાઈના માર્ગદર્શન હેઠળ આ કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમનું સંચાલન વિદ્યાર્થીની પ્રિયંકા પટેલે કર્યુ હતું.

બી.એડ્. કોલેજ, ઘોડ દોડ, સુરતમાં તારીખઃ ૨૬/૧/૧૫ના રોજ સવારે ૮:૪૫ કલાકે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના પ્રમુખશ્રી આત્મારામભાઈ પરમાર (નાયબ મુખ્ય દંડક, ગુજરાત સરકાર), સંસ્થાના માનદ્મંત્રીશ્રી મનહરભાઈ ચૌહાણ, તથા એન.જી.ગ્રુપના ડાયરેકટર શ્રી શિરિષભાઈ પારેખ, શ્રેયસ સ્કુલના આચાર્યશ્રી મનોજભાઈ સોનાર તથા પ્રિન્સિપાલશ્રી ડૉ. કમલેશભાઈ ડામોર, પ્રાધ્યાપક મિત્રો તેમજ કોલેજના તાલીમાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. સંસ્થાના પ્રમુખશ્રી તથા માનદ્મંત્રીશ્રીએ પ્રાંસગિક ઉદ્બોધન કર્યું હતું. ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. કમલેશભાઈ ડાભેરે આભાર વિધિ કરી હતી.

બી.જે. પટેલ ઓફ બીસીએ, બારડોલીમાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત સાફ સફાઈ દિન, પર્યાવરણ દિન તથા સાડી ડે જેવા વિવિધ દિવસોની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ કોલેજને સ્વચ્છ બનાવવામાં વિશિષ્ટ કાર્ય હતું. વૃક્ષો વાવવાનું અને તેના જતન કરવાના દઢ નિશ્ચય સાથે પર્યાવરણ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉપરાંત કોલેજમાં સાડી ડે, ટ્રેડીશનલ ડે જેવા દિવસો પણ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવ્યા હતા.

સ્વામી વિવેકાનંદ જન્મજ્યંતિ અંતર્ગત યુવા દિવસ તથા યુવા સપ્તાહ સંદર્ભે તા. ૧૨ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૫ દરમિયાન તપોવન સંકુલમાં વકતૃત્વ સ્પર્ધા, યુથ અવેરનેસ પ્રોગ્રામ તથા હેલ્થ ચેકઅપ જેવા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તથા નિર્ણાયક તરીકે શ્રીમતી પદમજા અગ્રવાલ તથા શ્રુતિ જોષી ઉપસ્થિત રહયા હતા. આ સ્પર્ધામાં તપોવન સંસ્કાર કેન્દ્રના વિવિધ વિભાગો બી.એડ્. વિભાગ, કોમર્સ વિભાગ પરમ કોમ્પ્યૂટર આઈ.ટી.આઈ. વિભાગના વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધામાં ૩૦ વિદ્યાર્થીઓએ વિચારો રજુ કર્યા હતા. યુવા સપ્તાહની ઉજવણીરૂપે યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં ભાગ લીધોલા વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનું આયોજન તા. ૧૩ જાન્યુઆરીના રોજ કરવામાં આવેલ હતું. શ્રી સુબ્રતો ઘોષે પણ સ્વામી વિવેકાનંદે આપેલા સૂત્રોનો અર્થ સમજાવી તેને અમલ કરવાથી યુવાનોમાં થતા ફેરફાર તથા વ્યકિતત્વ નિખાર વિશે માર્ગદર્શન પ્રવચન તથા વિચારો રજૂ કર્યા હતા. ત્યારબાદ પદ્મજા અગ્રવાલ સ્વામી વિવેકાનંદના ખ્યાલોની યુવા પેઢી પર થતી અસર વિશે સમજૂતી આપી હતી. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે બી.એડ્. વિભાગની વિદ્યાર્થીની પટેલ રીમ્પલબેન ઘોષિત થયા. તેમને પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયાના હસ્તે શીલ્ડ તથા સર્ટીફિકેટ આપવામાં આવ્યા. દ્વિતીય અને તૃતીય ક્રમે ટાઈ પડતા દ્વિતીય ક્રમે બે વિજેતાઓ જાહેર કરવામાં આવ્યા જેમાં બી.એડ્. વિભાગના વસાવા અંબિકાબેન જેમને પદ્મજા અગ્રવાલે તથ કોમર્સ વિભાગના રાજ પુષ્પક રહયા જેમને જાગૃતિબેન પંડયા દ્વારા શીલ્ડ તથા સર્ટીફિકેટ આપવમાં આવ્યા હતા જયારે તૃતીય ક્રમે બી.એડ્. વિભાગના જોશી ભૂમિકાબેત રહયા હતા જેમને શ્રુતિબેન જોષી દ્વારા ઈનામ આપવામાં આવ્યા. તા. ૧૩/૧/૧૫ના રોજ નહેરુ યુવા કેન્દ્ર દ્વારા કેન્દ્ર સ્વામી વિવેકાનંદ જન્મજ્યંતિ નિમિતે યુથ અવેરનેસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું જેમાં નેહરુ યુવા કેન્દ્ર, ભરૂચના કોઓર્ડિનેટર સુબ્રતો ઘોષે યુવાનોને યુવાધનને યોગ્ય દિશા આપવા માટે માર્ગદર્શન પૂરું પાડયું. ત્યારબાદ બી.એડ્. વિભાગના પ્રા. નિલેશભાઈ ઉપાધ્યાયે યુવાનોનું કર્તવ્ય, નિષ્ઠાથી દેશના સમર્પિત થવા માટે પ્રોત્સાહિત પ્રવચન આપ્યું હતું. આ ઉપરાંત બી.એડ્. વિભાગના ઈ. આચાર્ય આશ્કાબેન શુકલએ રીસોર્સ પર્સન તરીકે સેવા આપી હતી તથા શિક્ષણ તથા મહિલા સશકિતકરણ પર વકત્વ આપી મહિલા પર ભાર મુકયો હતો યુવા સપ્તાહ અંતર્ગત તા. ૧૨ અને ૧૩ ના રોજ નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું હતું. જેમાં શેઠ શ્રી સી એફ. મેમોરિયલ હોસ્પિટલના ડૉ. ભાવનાબેન શેઠ દ્વારા તમામ વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યની ચકાસણી કરવામાં આવી હતી.

## સ્પર્ધા

વિકાસ વર્તુળ ટ્રસ્ટ, ભાવનગર દ્વારા બુધ્ધિ કસોટીમાં આ વર્ષે યોજાયેલ નારણ લાલા કોલજ ઓફ કોમર્સ એન્ડ મેનેજમેન્ટના ૪ વિદ્યાર્થીઓ બીજા રાઉન્ડ માટે પસંદગી પામ્યા હતા અને આ કસોટીમાં કુ. બાલની દિવ્યા, કુ. જૈન પ્રેરણા અને કુ. કંસાર ઈશા

સમગ્ર રાજયમાં અનુક્રમે છઠ્ઠા, સોળમાં અને અઢારમાં ક્રમે ઉતીર્ણ થઈ ટ્રસ્ટ દ્વારા આપવામાં આવતી શિષ્યવૃતિ મેળવવા માટે હકદાર બન્યા છે.

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરામાં સપ્તધારા અને સ્ટુડન્ટ કાઉન્સિલ અંતર્ગત "એઈડ્સ જાગૃતિ વ્યસન મુકિત" વિષય પર પોસ્ટર મેકિંગ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ વિજેતા તરીકે ગુપ્તા રેણુ આર, દ્વિતીય વિજેતા પટેલ વિક્ષીત ડી. અને તૃતીય વિજેતા ગુપ્તા દિપીકા રહયા હતા. દયાળજીભાઈ ટંડેલ તેમજ પ્રા. યોગીનીબેન મિસ્ત્રીએ નિર્ણાયક તરીકેની મહત્વની ભૂમિકા ભજવી હતી. ગુજરાત રાજયની સપ્તધારા પ્રવૃતિ હેઠળ "રંગકલા કૌશલ્યધારા" હેઠળ કેશ ગુંફન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રથમક્રમે ચૌધરી દક્ષા આર., દ્વિતીય ક્રમે ભાનુશાલી ડિમ્પલ જી. તથા તૃતિયક્રમે પટેલ અભિષા કે. વિજેતા બન્યા હતા. આ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે પ્રા. વર્ષાબેન રાણા, પ્રા. યોગિનીબેન મિસ્ત્રી તથા સોનલબેન વસાવાએ સેવા આપી હતી. સ્ટુડન્ટ કાઉન્સિલની સાંસ્કૃતિક સમિતિના ઉપક્રમે "સંગીત સવાર" કાર્યક્રમ કોલેજ પટાંગણમાં ઉજવાઈ ગયો. બીલીમોરા જોરાવાસણનાં "સુર સંગમ" ઓરકેસ્ટ્રાનાં સથવારે સંગીતના આ સ્પર્ધાત્મક કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ સ્પર્ધામાં કુલ ૨૩ વ્યકિતગત ગીતો અને ત્રણ યુગલ ગીતો રજૂ કર્યાં હતા. જેમાં પ્રથમ ક્રમે મિલવાલા રૂકસાર એસ., દ્વિતીય ક્રમે દેસાઈ ભૂમિકા એ., તથા તૃતિય ક્રમે પટેલ સોનાલી વી. અને પુરોહિત પિન્કી આર. સંયુકત વિજેતા બન્યા હતા. આ સ્પર્ધાના નિર્ણાયક તરીકે શ્રીમતી સારિકાબેન દેસાઈ, શ્રી ધનેશભાઈ મિસ્ત્રી અને શ્રી બ્રિજેશભાઈ કેવતે સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. એન.બી. સોલંકીએ કર્યું હતું. ગુજરાત રાજ્યની સપ્તધારા અને ડિબેટ કમિટિના સંયુકત ઉપક્રમે "સ્ત્રી કેળવણીનો મહિમા" વિષય પર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે દેસાઈ ભૂમિક, દ્વિતીય ક્રમે પટેલ નેહા અને તૃતિય ક્રમે સરદાર હરમિતસિંગ વિજેતા રહયા હતા. જેમાં નિર્ણાયક તરીકે પ્રા. વાય. જે. દેસાઈ અને પ્રા. વી.ટી. રાણાએ ભૂમિકા ભજવી હતી. આચાર્ય ડૉ. ભારતીબેન પંચોલીના માર્ગદર્શન હેઠળ થયેલ આ કાર્યક્રમનું સંચાલન પ્રા. વી.ટી. રાણાએ કર્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત અંતર કોલેજ ટેકવોન્ડો સ્પર્ધા એસ. ડી. જૈન ઈન્ટરનેશનલ કોલેજ વેસુ, સુરત મુકામે યોજાઈ હતી. જેમાં પઠાણ અરબાઝ એન. ૫૮ કિ.જી. માં બીજા ક્રમે પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી આયોજીત આંતર કોલેજ શીઘ્ર ચિત્રસ્પર્ધા નારણલાલા કોલજ નવસારી મુકામે "પૃથ્વી બચાવો" વિષય પર યોજાઈ હતી. જેમાં વિક્ષિત પટેલે બીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. ગુજરાત રાજ્યની સપ્તધારા પ્રવૃત્તિની સર્જનાત્મક અભિવ્યકિતધારા હેઠળ નવસારી જીલ્લા આંતરકોલેજ પોસ્ટર સ્પર્ધા મહિલા કોલેજ નવસારી મુકામે યોજાઈ હતી. જેમાં વિક્ષિત પટેલે બીજો ક્રમ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યું છે. મહાત્મા ગાંધીના નિર્વાણદિન નિમિત્તે સપ્તધારા અંતર્ગત "ગાંધીજી અને સફાઈકાર્ય" વિષય પર યોજાયેલ સ્પર્ધામાં પ્રથમ વિજેતા પટેલ વિક્ષિત ડી., દ્વિતીય વિજેતા કાસીયાણી બિંદીયા કે. અને તૃતીય વિજેતા ગુપ્તા રેણુ આર. રહયા હતા.

અંકલેશ્વર ખાતે આવેલ સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજમાં "ગુજરાત સરકાર" દ્વારા આયોજીત સ્વચ્છતા અભિયાન અંતર્ગત ભરૂચ જીલ્લાના ડી.ઈ.ઓ.શ્રીના માર્ગદર્શન હેઠળ ચિત્ર સ્પર્ધાનું આયોજન થયું હતું. આ પ્રસંગે મેનેજીંગ ટ્રસ્ટી સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ સ્વચ્છતા અભિયાન અંતર્ગત પોતાના વિચારો રજૂ કરી તાલીમાર્થીઓને સ્વચ્છતાનો ગુણ પોતાના જીવનમાં વિકસાવવાનો સંદેશ આપ્યો હતો. આ કાર્યક્રમ અંતર્ગત તાલીમાર્થીઓએ સ્વચ્છતાને ધ્યાનમાં રાખીને ચિત્રો, વિચારો, સ્લોગન વગેરે પેન્સિલ અને રંગોની મદદથી કોરા કાગળમાં કંડાર્યા હતા જેમાં પ્રથમ ક્રમે વાઘેલા જીતેન્દ્રભાઈ, દ્વિતીય ક્રમે વસાવા ટીનાબેન અને તૃતીય ક્રમે પ્રસાદ પ્રિયંકાકુમારી રહયા હતા.

શિક્ષણ ભારતી બી.એડ્. કોલેજ, સુરતમાં લગ્નગીત સ્પર્ધા તથા શીઘ્ર વકતવ્ય પ્રવૃતિ યોજાઈ, કાર્યક્રમનું સંચાલન તાલીમાર્થી મિતાલી દ્વારા કરવામાં આવ્યું હતું. આ.પ્રો. ભાવિના દેસાઈ દ્વારા વિવિધવિધીના લગ્નગીતો રજૂ કર્યા હતાં. આ સ્પર્ધામાં પ્રથમ ક્રમે પટેલ ડિમ્પલ, દ્વિતીય ક્રમે ગામીત રોશની, તથા તૃતીય ક્રમે સકસેના રચના વિજેતા થયા હતાં. નિર્ણાયક તરીકે આ.પ્રો. કલ્પનાબેન પટેલ તથા આ. પ્રો. પાયલબેન પટેલે સેવા આપી હતી. આ સ્પર્ધાનું આયોજન આ.પ્રો. નયનાબેન ચૌહાણ તથા આ.પ્રો. ભાવિના દેસાઈ તથા ક્ષિતિજભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આભારવિધી સકસેના રચનાએ કરી હતી. તથા શીઘ્ર વકતવ્યની પ્રવૃતિ પ્રો. ક્ષિતિજભાઈ પટેલ દ્વારા યોજાઈ હતી.




તા. ૧૭/૧/૧૫ દિને ઉધના સિટીઝન કોમર્સ કોલેજ એન્ડ એસ.પી.બી. કોલેજ એન્ડ બિઝનેસ એડમીનીસ્ટ્રેશન એન્ડ ઉધના એકેડમી કોલેજ ઓફ કોમ્પ્યુટર એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજીના ઉપક્રમે કોલેજમા ઉધના એકેડમી એજ્યુકેશન ટ્રસ્ટની સુવર્ણ જયંતિ ઉત્સવનાં ભાગરૂપે વિવિધ આંતર કોલેજ સ્પર્ધાઓ જેમ કે ગુજરાતી ગીત પુસ્તક સમીક્ષા , શીઘ્ર વકતૃત્વ, કવીઝ, ટ્રેઝર હન્ટ, મેનેજમેન્ટ સ્કીલ્સ, ફેશન શો, પ્રેઝેન્ટશન સ્કીલનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરત શહેરની વિવિધ શાળાના તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિવિધ કોલેજના લગભગ ૩૫૦ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ટ્રસ્ટના પ્રમુખશ્રી રમેશચંદ્ર જી. દેસાઈએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું. ઈ.ચા. આચાર્ય ડૉ. મેહુલ દેસાઈએ શાબ્દિક આવકાર આપ્યો હતો. તમામ આયોજનમાં બીબીએનાં ઉપાચાર્ય ડૉ. ડેઝી શેબી ઠેકનાલ તથા બીસીએનાં ઉપાચાર્ય ડૉ. મનીષ એમ કાયસ્થ એ નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. પ્રા. ત્વિષાબેન પરમારએ આભારવિધિ કરી હતી.

## પુસ્તક

એ.વી. પટેલ કોમર્સ કોલેજ, બીલીમોરાના ગ્રંથાલય અને માહિતી વિભાગના ઉપક્રમે "મને ગમતું પુસ્તક" વાર્તાલાપ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં નાયકા જીજ્ઞેશ એસ. એ એ.પી.જે. અબ્દુલ કલામના "પ્રજ્વલિત માનસ", પટેલ દિવ્યા આઈ. એ પાડુરંગ વૈજનાથ આઠવલેના "શ્રીમદ્ ભગવદ્‌ગીતા", સરદાર હરમિતસિંગ એસ. એ બી.એન. દસ્તુરના "સફળતાની ક્ષિતિજો", શ્રી ડી.એન. ટંડેલે પાડુરંગ વૈજનાથ આઠવલેના "ગીતાના પંચપ્રાણ" પુસ્તક પર પોતાના વિચારો રજૂ કર્યા હતા. વાર્તાલાપનું સંચાલન તથા આભારવિધિ ગ્રંથપાલ શ્રી આર.એમ. પટેલે કરી હતી.

શાહ એન.એચ.કોમર્સ કોલજ, વલસાડમાં પુસ્તક પરિચય કાર્યક્રમ અંતર્ગત ડૉ. દક્ષા ઠાકોરના માર્ગદર્શન હેઠળ તા. ૩/૧/૧૫ના રોજ શ્રી સંજીવ શાહ લિખિત 'જીવનની ભેટ' વિષય ઉપર વિદ્યાર્થીની કુ. માધુરી દુબે પુસ્તક પરિચય કરવામાં આવ્યો હતો.

## એવોર્ડ



રાજસ્થાનના ઉદેપુર મુકામે યોજાયેલી ચોથી ઈન્ટરનેશનલ સાયન્સ કોંગ્રેસ કોન્ફરન્સમાં નવયુગ સાયન્સ કોલેજ, સુરતમાં પ્રા. ડૉ, આર.ટી. વશીના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની વિદ્યાર્થીની હર્ષિદા જી. ચૌધરી એ "ધ સ્ટડી ઓફ હીના બીવ્સ એક્સ્ટ્રેક્ટ એસ ગ્રીન કોરોઝન ઈનહીબીટર ફોર માઈલ્ડ સ્ટીલ ઈન એસેટીક એસિડ" વિષય પર રજૂ કરેલ પોસ્ટર પ્રેઝન્ટેશનને "બેસ્ટ પોસ્ટર પ્રેઝન્ટેશન" નો એવોર્ડ મળ્યો છે. આ કોન્ફરન્સ ઉદેયપૂરની પેસીફીક યુનિવર્સિટીએ આયોજીત કરી હતી. રિસર્ચ સ્કોલરે આ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાંથી ૧ માત્ર નવયુગ સાયન્સની રિસર્ચ સ્કોલરનો જ આ એવોર્ડ મળયો હતો.

## મુલાકાત

સાસ્કમા ઈગ્લિશ મીડીયમ કોમર્સ કોલેજ, સુરતના વિદ્યાર્થીઓ દ્વારા ભારતીય વૃધ્ધાશ્રમની મુલાકાત લેવાયેલી હતી જેમાં વિદ્યાર્થીઓએ ભાવપૂર્વક વૃધ્ધાશ્રમના સભ્યો માટે બપોરના ભોજનની વ્યવસ્થા કરી પ્રિ. ડૉ. યુ.ટી. દેસાઈ તથા પ્રા. સ્મિતા ખવાણી અને પ્રા. ભૂમિ દેસાઈએ કાર્યક્રમનું આયોજન કર્યુ હતું.

ઉચ્ચ શિક્ષણ સશકિતકરણ અન્વેય રાજયકક્ષાની બરોડા સ્થિત એમ.એસ. યુનિવર્સિટીની IASE સંસ્થાના ડાયરેકટર ડૉ. આર.સી. પટેલ અને શિક્ષણ વિદ્યાશાખાના ડૉ. સતીષ પાઠકે તા. ૨૮/૧/૧૫ના રોજ સી.ટી.ઈ. તરીકે અપગ્રેડ થયેલ બીલીમોરાના શ્રીરંગ શિક્ષણ મહવિદ્યાલયની મુલાકાત લઈ સંતોષ અને આનંદની લાગણી વ્યકત કરી હતી. પ્રિ. અને સી.ટી.ઈ. ડાયરેકટર ડૉ. કિશોરભાઈ નાયકે મહેમાનોને આવકારી સી.ટી.ઈ. ની કામગીરી, આઈ.એ.એસ.ના Online Support ની અને શિક્ષણના વર્તમાનની પ્રાથમિક ભૂમિકા સ્પષ્ટ કરી હતી. ડૉ.આર.સી. પટેલે શિક્ષણ વિષયના વિચારો રજૂ કર્યા હતા. ડૉ. સંતીષભાઈ પાઠકે "જીવન કૌશલ્યો"ની સંકલ્પનાને સ્પષ્ટ કરતા ટેકનોલોજીના ઉપયોગીથી કઈ રીતે સફળતાપૂર્વક શીખવી એનું નિદર્શન કર્યુ હતું. કાર્યક્રમનું સંકલન અને આભારદર્શન કો-ઓર્ડિનેટર ડૉ. કલ્પેસભાઈ ટંડેલે કર્યુ હતું.

ડી.ડી. લો કોલેજ, નવસારીના વિદ્યાર્થીઓએ તા. ૩૦/૧/૧૫ નાં રોજ લીગલ લીટરસી કેમ્પનાં ભાગરૂપે નવસારી સબજેલમાં કેદીઓની મુલાકાત લીધેલ આ પ્રસંગે ટ્રસ્ટીશ્રી એ.પી. ફનીબંદા, સ્ટાફ અને વિદ્યાર્થીઓએ હાજર રહીને કેદીઓની જરૂરીયાતને ધ્યાનમાં રાખીને સીગર કંપનીનાં સીલાઈ મશીન અને તેને લગતી વસ્તુઓની કિંમત આશરે ૮,૦૦૦/- ની ભેટ આપી જે બદલ સબજેલનાં જેલર શ્રી એલ.એમ. રાઠોડે આભાર માન્યો હતો.

વલસાડની શાહ એન.એચ. કોમર્સ કોલેજમાં નેશનલ એસેસમેન્ટ એન્ડ એક્રેડીટેશન કાઉન્સલ ની તા. ૧૯ અને ૨૦ જાન્યુઆરી ૨૦૧૫ની મુલાકાત સફળતા પૂર્વક સંપન્ન થઈ. ડૉ. સુરેન્દ્રપાલ સિંઘ, પૂર્વ કુલપતિશ્રી ગુરુનાનક દેવ યુનિવર્સિટી લુધિયાણાની અધ્યક્ષતામાં ટીમના કો-ઓર્ડિનેટરશ્રી, ડૉ. એ.કે. શ્રીવાસ્તવ, ટીમની મુલાકાત સંપન્ન થઈ.

## કાર્યક્રમ



વિવેકાનંદ કોલેજ ફોર બી.કોમ., બી.સી.એ., બી.એડ્. તથા બી.બી.એ., સુરતના સંયુકત ઉપક્રમે વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અતિથિ વિશેષ તરીકે ટ્રસ્ટીશ્રી વિપુલભાઈ જોષી, શ્રીમતી નીમાબેન જોષી, મેહુલભાઈ જોષી, અમરીષભાઈ પટેલ, નીલકંઠ બારોટ તેમજ અન્ય ટ્રસ્ટીશ્રીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં વિદ્યાર્થીઓએ ભારતીય સંસ્કૃતિ, સ્ત્રીભૂણહત્યા, માતૃપ્રેમ, દેશપ્રેમને અભિવ્યકત કરતી વિવિધ થીમ આધારિત નૃત્ય તથા નાટિકા જેવી કૃતિઓ રજૂ કરી આ સાથે વર્ષ દરમ્યાન થયેલ વિવિધ સ્પર્ધાઓના પારિતોષિક પણ એનાયત કરવામાં આવ્યા હતા.

## ગૌરવ

બી.જે. પટેલ કોલેજ ઓફ એજ્યુકેશન, બારડોલીના પ્રિ. ડૉ. કિન્નરીબેન પટેલ કે જેમણે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતમાં સેનેટનું સભ્ય પદ મેળવીને તથા પેસિફિક યુનિવર્સિટી, ઉદેયપુર (રાજસ્થાન) ના પીએચ.ડી ના ગાઈડ બની બે વિદ્યાર્થીઓને પીએચ.ડી.ની પદવી અપાવી કોલેજનું ગૌરવ વધાર્યું છે. અધ્યાપક કૌશિકભાઈ સોલંકીએ GSET ની સ્પર્ધાત્મક પરીક્ષા પ્રથમ પ્રયત્ને પાસ કરી છે તેમજ વર્ષ ૨૦૧૪-૧૫ ના તાલીમાર્થી ઋચાબેન રાવલે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના ૪૨ મા યુવક મહોત્સવમાં પાદપુર્તિ સ્પર્ધામા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ છે.

એચ.આર. શાહ મહિલા આર્ટસ-કોમર્સ કોલેજ, નવસારીના વિદ્યાર્થી શ્રી પિંકેશ સુરેશભાઈ પટેલે રાજય ચૂંટણી પંચ દ્વારા પ્રસ્તાવિત મતદાતા જાગૃતિ સપ્તાહમાં નવસારી જીલ્લામાં મસ્કોટ ડિઝાઈનિંગમાં તૃતીય ક્રમ અને રૂ.૭૫૦ નું રોકડ ઈનામ મેળવ્યું હતું. આ જ કૃતિને મુખ્ય ચૂંટણી પંચ, ગાંધીનગર દ્વારા આયોજીત કાર્યક્રમમાં પણ તૃતિય ક્રમ તથા ૧૫ હજાર રોકડા ઈનામ મળ્યું હતું.

## વ્યાખ્યાન

વ્યા બી.જે. પટેલ કોલેજ ઓફ એજયુકેશન, બારડોલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા-૨ માં એજયુકેશન ફેકલ્ટીના ડીન તથા કોલેજ ઓફ એજ્યુકેશન ખરોડના પ્રિ.ડૉ. પ્રફુલસિંહ રાજ વકતા તરીકે ઉપસ્થિત રહયા હતા. આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલે મહેમાનોને આવકારી તેમનો પરિચય આપ્યો હતો. ત્યારબાદ વર્ષ ૨૦૧૩-૧૪ માં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ ભારત એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા સૌ આધ્યાપકો તથા વહીવટી સ્ટાફમિત્રોને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. ડૉ. પ્રફુલસિંહ રાજે તાલીમાર્થીઓને સહઅભ્યાસિક પ્રવૃતિઓના મહત્વ વિશે સચોટ ઉદાહરણો આપી મૌલિકતાથી તેમની વ્યાખ્યાન રજુ કર્યુ હતું. કાર્યક્રમનું સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલ તથા આભારવિધિ પ્રા. કનુભાઈ સ્વાગિયાએ કરી હતી. એમ.બી.એમ. કોન્વેન્ટ હાઈસ્કૂલ, બારડોલીના પ્રિ. ડૉ. દર્શનાબેન ધીવરનું વ્યાખ્યાન આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા ગોઠવવામાં આવ્યું હતું. ડૉ. દર્શનાબેને ખૂબ સુંદર અને પારદર્શી રીતે ભરતી પ્રક્રિયા વિશેની માહિતી અને સ્પર્ધાત્મક પરીક્ષા TAT વિશે તથા શિક્ષકોની ફરજો વિશે વિસ્તૃત માહિતી આપી હતી અને પ્રશ્નોત્તરી દ્વારા તાલીમાર્થીઓના પ્રશ્નોનું નિરાકરણ કર્યું હતું.આભારવિધિ પ્રા. ડૉ. મીનાબેન પરમારે અને સંચાલન પ્રા. પટેલે કર્યું હતું.

વ્યા ગુજરાત યુનિવર્સિટી, સુરત પુરસ્કૃત આંતરકોલેજ વ્યાખ્યાનમાળા અંતર્ગત ડૉ. કિન્નરીબેન પટેલ દ્વારા વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું. એમ.એડ્. કોલજનાં એસો. પ્રોફેસર ડૉ. રાયસિંગભાઈ ચૌધરીએ મહેમાનોને આવકારી પરિચય કરાવ્યો હતો. ટ્રસ્ટનાં ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદીએ પ્રાસંગિક પ્રવચન રજૂ કર્યું હતુ. ત્યારબાદ યનિવર્સિટીના શિક્ષણ વિભાગના અધ્યક્ષ પ્રોફે. દિપીકાબેને LCD પ્રોજેક્ટર દ્વારા ICT અને જીવન કૌશલ્યો વિષય ઉપર વ્યાખ્યાન રજુ કર્યુ હતું. આભારવિધિ પ્રા.ડૉ. મમતાબેન પટેલે તથા સંચાલન પ્રા. ડૉ. પ્રફૂલભાઈ મોગેરાએ કર્યુ હતું.

વ્યા સ્વામી નારાયણસ્વરૂપ બી.એડ્. કોલેજ અંકલેશ્વરમાં "WWW.I Can.com" વિષયક પ્રેરક વકતવ્ય લ્યુપીન કંપનીના જી એમ. શ્રી ડી.એમ. ગાંધી દ્વારા આપવામાં આવ્યું હતું. સ્વામી શ્રી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીએ પુસ્તક અને પુષ્પગુચ્છથી સ્વાગત કરી હૃદયથી આવકાર્યા હતા. વકતાશ્રીએ વર્તમાન શિક્ષણમાં Communicative Skill, Time Management, Leadership, Decision making, System orientation વગેરે વિષયનું મહત્વ અને સફળ બનાવવાનાં ઉપયોગની છણાવટ કરી ચર્ચા કરવામાં આવી હતી. આ કાર્યક્રમની રૂપરેખા આચાર્યશ્રી ડૉ. કૌશલભાઈ પારેખે આપી હતી. આ કાર્યક્રમનું સંચાલન સોમા મેડમ દ્વારા થયુ હતું. આભારવિધિ પ્રા. ગણેશભાઈએ કરી હતી.

વ્યા જ્ઞાનધારા અતર્ગત તપોવન સંસ્કાર કેન્દ્ર સંચાલિત દીપ જ્યોતિ કોલેજ ઓફ કોમર્સ ભરૂચ ખાતે મૂલ્ય શિક્ષણ વિષય પર પરમ પ્રમાણ દર્શનાલય વલસાડ આશ્રમના પ.પુ. સ્વામી શ્રધ્ધાનંદ સંરસ્વતીજીનું વ્યાખ્યાન યોજવામાં આવ્યુ હતું. વકતાશ્રીનો પરિચય પ્રા. સુક્રિતી શર્માએ કરાવ્યો હતો. આ ઉપરાત વકતાશ્રી સંસ્થાના પ્રમુખ શ્રી દિનેશભાઈ પંડયા, સંચાલક જાગૃતિબેન પંડયા બી.એડ્. વિભાગના ઈ. આચાર્ય આશકાબેન શુકલને કાર્યક્રમમાં પધારવા બદલ આભાર વ્યકત કર્યો હતો. વિદ્યાર્થીની શુકલા રુમ્પીએ વકતાશ્રીનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. અંતે વિદ્યાર્થી ખોટ આકાશે સંસ્થા પરિવાર વતી આભાર વ્યકત કર્યો હતો. કાર્યક્રમનું સંચાલન પ્રા. જૈનિતા પટેલ વિદ્યાર્થિની વૈષ્ણવી સોની તથા રજત શર્માએ કર્યુ હતું.

## વાર્ષિકોત્સવ

વા


ઉધના કોલેજ, સુરતના કેમ્પસમાં તા. ૨૦/૪/૧૫ના રોજ વાર્ષિકોત્સવ પ્રસંગે ટ્રસ્ટના પ્રમુખ શ્રી રમેશચંદ્ર જી. દેસાઈ, ઉપ-પ્રમુખ શ્રી કિશોરભાઈ ગાંધી, મંત્રીશ્રી ભાણજીભાઈ પટેલ તથા અન્ય ટ્રસ્ટીશ્રીઓ, પૂર્વ આચાર્યશ્રી ડૉ. અરવીદંભાઈ જી. મહેતા, અન્ય આમંત્રિત મહેમાનો, અધ્યાપકો, વાલીઓ અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજર રહયા હતાં. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ મહેમાનો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો. વાર્ષિકોત્સવમાં વિદ્યાર્થીઓએ ગરબા, રાસ, વેસ્ટર્ન ડાન્સ, સોલો ડાન્સ, સોલો સોંગ, પીરામીડ વગેરે કૃતિઓ રજૂ કરી હતી.

વા ભારત એજ્યુકેશન ટ્રસ્ટ બારડોલી સંચાલીત કોલેજ તેમજ માધ્યમિક અને પ્રાથમિક શાળાનો વર્ષ ૨૦૧૪/૧૫નો વાર્ષિક સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે બારડોલી વિધાનસભાના ધારાસભ્ય શ્રી ઈશ્વરભાઈ પરમાર તથા મુખ્ય મહેમાન તરીકે બાબેનના સરપંચ શ્રી ભાવેશભાઈ પટેલ ઉપસ્થિત રહયા હતા. જેમાં શરૂઆતમાં સન્માન સમારોહ તથા ઈનામ વિતરણ કાર્યક્રમમાં આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ, ડૉ. દર્શનાબેન ધીવર અને અન્ય અધ્યાપકોનું વિશેષ સિધ્ધિ બદલ શાલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. વર્ષ ૨૦૧૩-૧૪માં ઉત્કૃષ્ટ દેખાવ બદલ તાલીમાર્થીઓ તથા વિદ્યાર્થીઓને પણ ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે ટ્રસ્ટ પ્રમુખશ્રી ભરતભાઈ પટેલ, ઉપપ્રમુખશ્રી મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા કોષાધ્યક્ષ શ્રી મનિષભાઈ પટેલ પણ ઉપસ્થિત રહયા હતા. સાંસ્કૃતિક કાર્યક્રમમાં બી.એડ્. બી.સી.એ. કોલેજના તથા સ્કૂલના વિદ્યાર્થીઓ દ્વારા ગરબો, લોકનૃત્યો, વિવિધતામાં એકતા, નૃત્યનાટીકા, સમુહગીત, વદેમાતરમ્ નૃત્ય, ડાંગીનૃત્ય વગેરે જેવી કૃતિઓ રજૂ થઈ હતી. કાર્યક્રમનું આયોજન આચાર્ય ડૉ. કિન્નરીબેન પટેલ તથા પ્રિ. ગીરીશભાઈ રાઠોડ અને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ ડૉ. મીનાબેન પરમારે કર્યુ હતું. સંચાલન પ્રા. ઉમેશભાઈ પટેલે કર્યું હતું.

વા


નારણ લાલા કોલેજનાં પ્રાંગણમાં સંકુલની વિવિધ સંસ્થાઓનાં સાંસ્કૃતિક તથા ઈનામ વિતરણ સમારોહ નવસારી જીલ્લાના કલેકટર શ્રીમતી રેમ્યા મોહનના મુખ્ય મહેમાન પદે યોજાઈ ગયો. જેમાં વિદ્યાર્થીઓએ તેઓના શ્રેષ્ઠ અને વિજેતા કૃતિઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરી હતી. ડાયરેકટર ડૉ. દિનુભાઈ નાયકે કલેકટર

મેડમ શ્રી રેમ્યા મોહન તથા અન્ય મહેમાનોનું શબ્દરૂપી સ્વાગત કરી પુસ્તકથી અભિવાદન કર્યુ હતું. ત્યારબાદ ડાયરેકટર ડૉ. આર.સી. ગાંધીએ મુખ્ય મહેમાન કલેકટર મેડમ શ્રી રેમ્યા મોહનનો પરિચય આપ્યો હતો. આ સમારંભમાં ૧૫૮ જેટલા વિદ્યાર્થી ભાઈ-બહેનો તથા અધ્યાપકોને વિવિધ ક્ષેત્રમાં તેમની સિધ્ધિ બદલ પારિતોષક આપી બિરદાવવામાં આવ્યા હતા. શ્રીમતી રેમ્યા મોહને વિદ્યાર્થીઓ તથા અધ્યાપકોને તેઓની સિધ્ધિ બદલ અભિનંદન પાઠવ્યા હતાં. સમારંભના પ્રમુખ અને ટ્રસ્ટના ચેરમેનશ્રી મહેશભાઈ કંસારાએ પ્રાસંગિક ઉદબોધન કરી, કલેકટર શ્રીમતી રેમ્યા મોહનનું પુસ્તક થી સ્વાગત કર્યુ હતું. ટ્રસ્ટીશ્રી ભરતભાઈએ મુખ્ય મહેમાનને સ્મૃતિભેટ અર્પણ કરી હતી અને તથા ચેરમેનશ્રી મહેશભાઈનું વિવિધ ફેકલ્ટીના જી.એસ. દ્વારા પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું હતું.



નવસારીની બી.પી. બારીયા સાયન્સ ઈન્સ્ટીટયૂટ, દ્વારા ટાટા હોલ ખાતે તારીખ ૧૩મી ફેબ્રુઆરી ૨૦૧૫ના રોજ પારિતોષિક વિતરણ સમારોહ તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યકારી આચાર્ય ડૉ. દીનાબેન ચાંપાનેરીએ સ્વાગત ઉદબોધન કર્યુ હતું. સમારોહના અધ્યક્ષ તરીકે સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને નવસારીના ધારાસભ્ય શ્રી પિયુષભાઈ દેસાઈ અને અતિથિ વિશેષ તરીકે એસ.બી. ગાર્ડા કોલેજ ટ્રસ્ટનાં ઓન. ટ્રસ્ટી શ્રી અસ્પીભાઈ ફનીબંદા ઉપસ્થિત રહયા હતા. વર્ષ દરમ્યાન શૈક્ષણિક અને ઈતર પ્રવૃતિઓમાં વિશિષ્ટ સિધ્ધિ મેળવનાર વિદ્યાર્થીઓનું અને સ્ટાફનું મહાનુભાવો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. અસ્પીભાઈ ફનીબંદાએ વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામના આપી હતી. શ્રી પિયુષભાઈએ પોતાના વ્યકતવ્યમાં વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમમાં નાટક, ગરબા, નૃત્ય જેવી કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. સ્ટાફમિત્રો દ્વારા પણ એક કૃતિ રજૂ કરવામાં આવી હતી. આભારવિધિ પ્રા. ડૉ. ડી.બી. પટેલે કરી હતી. કાર્યક્રમનું સંચાલન પ્રા. ડૉ. કિર્તીદાન વૈદ્યે કર્યુ હતું.

ઉધના કોલેજ, સુરતના કેમ્પસમાં તા. ૧૯/૨/૧૫ના રોજ ઈનામ વિતરણ સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પ્રમુખ સ્થાને ટ્રસ્ટના ઉપપ્રમુખ શ્રી કિરીટભાઈ ગાંધી તથા મુખ્ય મહેમાન તરીકે ટ્રસ્ટના મંત્રી શ્રી ભાણજીભાઈ પટેલ, ખજાનચી શ્રી નિરંજનભાઈ પટેલ તથા સહમંત્રી શ્રી કેતનભાઈ શાહ હાજર રહયાં હતા. ઈન્ચાર્જ આચાર્યશ્રી ડૉ. મેહુલ પી. દેસાઈએ ટ્રસ્ટના સભ્યો તથા વિદ્યાર્થીઓને આવકાર આપ્યો હતો તથા વર્ષ ૨૦૧૪-૧૫નો અહેવાલ રજુ કર્યો હતો. વિદ્યાર્થીઓએ શૈક્ષણિક, સાંસ્કૃતિક તથા રમતગમત ક્ષેત્રે મેળવેલ સિધ્ધીઓ બદલ તેઓને શિષ્યવૃત્તિ, મેડલ, ટ્રોફી તથા પ્રમાણપત્ર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

શ્રીરંગ શિક્ષણ મહાવિદ્યાલય, બીલીમોરામાં વર્ષ ૨૦૧૪-૧૫ના લીમાર્થીઓએ તેમની તાલીમાના ભાગરૂપે કંડારેલ વાર્ષિકોત્સવ મંડળના પ્રમુખશ્રી દયાસ્વરૂપ જે. પટેલની અધ્યક્ષતામાં અને યુનિવર્સિટીના સિન્ડિકેટ મેમ્બરશ્રી શ્રીધર નિમાવત અને સેનેટ સભ્યશ્રી ગણપતભાઈ ધામેલીયાના અતિથિવિશેષપદ હેઠળ સંપન્ન થયો હતો. પ્રિ. ડૉ. કિશોરભાઈ નાયકે સહુના સહયોગથી સંપન્ન થયેલ આ સાંસ્કૃતિક કાર્યક્રમને માત્ર મનોરંજન માટે નહી પરંતુ ભાવિ શિક્ષકોના સાંસ્કૃતિક અને સામાજીક ઉત્તરદાયિત્વ સાથે અનુબંધિત કાર્યો હતો. શ્રી નિમાવતે નિખાલસપણે કબુલ્યું હતું કે આવી ઉચ્ચ ગુણવત્તાવાળો સાંસ્કૃતિક કાર્યક્રમ ભાગ્યે જ કોઈ કોલેજોમાં થતો હશે. ત્યારબાદ જી.એસ. શ્રી દિપક પટેલે તેમને અપાતી ઉત્તમ અને સ્પર્શી જાય એવી તાલીમ બદલ સંતોષ, આનંદ અને ઋણ સ્વીકારી કોલેજની ગતિવિધિઓનો ચિતાર આપ્યો હતો. કાર્યક્રમમાં નાટક "બૂઝ ગયા દીપક" હળવું કંઠય સંગીત અને નારી શકિતને કેન્દ્રમાં રાખી રજૂ કરાયેલ જોરદાર અભિનયગીત, એકપાત્રીય અભિનય "કસ્તુરબા", ભાંગડા નૃત્ય રજૂ થયું હતું. આ સાંસ્કૃતિક કાર્યક્રમના અધ્યક્ષ પ્રા. ડૉ. શિતલબેન વસાવા હતા.

તપોવન સંસ્કાર કેન્દ્ર, ભરૂચ સંચાલિત પરમ કોમ્પ્યુટર ાઈ.ટી.આઈ, સત્યમ કોલેજ ઓફ એજ્યુકેશન અને દિપજ્યોતિ કોલેજ ઓફ કોમર્સના સંયુકત ઉપક્રમે વાર્ષિકોત્સવ અને ઈનામવિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાનશ્રી તરીકે ડે. કલેકટર અને સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, ભરૂચ શ્રી એન.આર. ધાંધલ, યુનિવર્સિટીના શિક્ષણ વિભાગના ડીનશ્રી ડૉ. પી.જે.રાજ અને અતિથિ વિશેષશ્રી શ્રીમતી જ્યોતિબેન પંડયા અને સંસ્થાના પ્રમુખશ્રી દિનેશભાઈ પંડયા ઉપસ્થિત રહયા હતા. જેમાં જૂથની સંસ્થાઓ દ્વારા વિવિધ કૃતિઓ રજૂ કરવામાં આવી. નિયામકશ્રી જાગૃતિબેન પંડયાએ સ્વાગત કરતા સંસ્થાનો પરિચય આપ્યો. એન.આર. ધાંધલે વિદ્યાથીઓને જીવનમાં સફળ થવા શુભેચ્છા પાઠવી હતી. ડૉ. પી.જે. રાજે વાર્ષિકોત્સવને આનંદ ઉત્સવ ગણાવ્યો હતો. શ્રી દનેશભાઈ પંડયાએ જણાવ્યું હતું કે તપોવનનો ઉદ્દેશ ઉત્તમ નાગરિકોનું ઘડતર કરવાનો છે ૨૦૧૫ ના વર્ષમાં સ્વામી વિવેકાનંદ યોગ્ય વેલનેસ સેન્ટરનો પ્રારંભ તપોવન સંકુલમાં કરવામાં આવનાર છે. વિવિધ પ્રવૃત્તિઓમાં સિધ્ધિઓ કરનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન આપવા મહેમાનશ્રીઓને હસ્તે ઈનામ આપવામાં આવ્યા કાર્યક્રમનું સંચાલન પ્રા. નિલેશભાઈ ઉપાધ્યાય અને પ્રા. જૈનિતાબેન પટેલ તથા વિદ્યાર્થી પ્રતિનિધિઓ પટેલ રીમ્પલ, શાસ્ત્રી શ્રુતિ, કુમાર ઉદય, મહેતા શિવાંગીએ કર્યુ હતું.


VNSGU
VEER NARMAD
SOUTH GUJARAT
UNIVERSITY, SURAT

**Veer Narmad South Gujarat University, Udhna Magdalla Road, Surat**

Tel : +91 - 261 - 222 71 41 - 46 Fax : +91 - 261 - 222 73 12 Visit us at : www.vnsgu.ac.in

**Editor : Dr. B J Ankuya, Assistant Librarian**

**Published by : Dr. J R Mehta, Registrar**

Designed & Printed by : KLIK Solutions, 204, City Centre, Sosyo Circle, U M Road, Surat, Tel (0261) 2634179 / 98 25 25 99 11 E-mail : kliksolutions@gmail.com